**શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.)**

**ઈન્ટરનેશનલ ટ્રસ્ટ ફંડ**

**રજીસ્ટર્ડ નબંર ૮૦૨૫૭૦**

**પ્રસ્તાવના**

શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.) ઈન્ટરનેશનલ ટ્રસ્ટ ફંડ (એસપીએઆયટીએફ), શ્રી પ્રજાપતિ એસોસીએશન (યુ.કે.) (એસપીએ(યુકે)) જે એક રજીસ્ટર્ડ ચેરીટી છે, તેના ચેરીટેબલ ધ્યેય અથવા હેતુઓનું સંચાલન કરવા ૧૯૯૯ મા સ્થાપવામા આવ્યુ હતું.

એસપીએઆયટીએફ ની મેનેજમેન્ટ કમિટી નિચે પ્રમાણે બનેલ છે:

• ૩ એસપીએ(યુકે) ના હોધ્દેદારો

• એસપીએ(યુકે)ની ૧૪ શાખા તરફથી નિમણુક કરેલ એક એક હોલડીંગ ટ્રસ્ટી

• શ્રી સુરત પ્રજાપતિ યુનિયન (નાઈરોબી) તરફથી હાલમા ૪ કોઓપટ કરેલા સભ્યો છે

બધા કમિટીના સભ્યો સ્વયંસેવક તરીકે પોતાની સેવા આપે છે. એસપીએઆયટીએફની વર્ષમાં ઓછામા ઓછી બે વખત મિટીંગ હોય છે જેમા ફડીંગની અરજીઓ પર નિર્ણય લેવામા આવે છે.

**એસપીએ(યુકે) ના ચેરીટેબલ ધ્યેય અને હેતુંઓ પ્રજાપતિ જ્ઞાતિ પ્રત્યે નિચે પ્રમાણે છે:**

• ગરીબીમા રાહત

• મંદવાડમાં રાહત

• શિક્ષણમા ઉન્નતી

• હિંદુ ધર્મ અને સસ્કૃતિનુ પ્રોતસાહન અને ઉન્નતી

ઉપરના હેતુઓ માટે પ્રજાપતિની વ્યાખ્યા છે કે જે વ્યકતીઓ હિંદુ ધર્મ અને સંસ્કૃતિ પર શ્રધ્ધા રાખે છે અને જેઓનો સબંધ ભારતમા સુરત, નવસારી અથવા વલસાડ જીલ્લા (વાપી થી તાપી) સાથે છે અને તેઓના વડવાઓનો મુખ્ય વ્યવસાય અથવા ધંધો રોજગાર સુથારી અને કુંભારી હતો.

**એસપીએ(યુકે) તેના ચેરીટેબલ હેતુઓ માટે ફડ કેવી રીતે મેળવે છે:**

• રાષ્ટ્રીય (નેશનલ) પ્રસંગોની વ્યવસ્થા કરી જેવાકે વાર્ષિક રમત ગમત દિવસ, મહિલા સમેલન, યુવાનોની પ્રવૃતિઓ અને બીજા ઉત્સવોની ઉજવણી વિગેરે

• એસપીએ(યુકે) અને શાખાઓ ખાસ યોજનાઓ ઘડી ફંડ માટે અપીલ કરે છે

• એસપીએ(યુકે) અને શાખાઓ કુદરતી આફતો , જેવીકે ધરતીકંપ અને રેલ આવે ત્યારે ફંડ માટે અપીલ કરી. આ પ્રમાણે ભેગુ કરેલ ફંડ પ્રજાપતિ જ્ઞાતિ અને બીજી બીન-પ્રજાપતિ સંસ્થાઓને પણ આપવામા આવે છે

• વ્યકતીગત દાતારો અને સંસ્થાઓ પાસેથી

એસપીએ(યુકે)નુ એક ફંડ શ્રી સુરત પ્રજાપતિ યુનિયન (નાઈરોબી) તરફથી છે. આ "એન્ડાવમેન્ટ ફંડ" યાને ઠાપણદાન છે જેનુ સંચાલન ખાસ શરતો અને નિયમો મુજબ છે અને તે ફંડ ઉપર મળતુ ફકત વ્યાજ જ મુખ્યત્વે પ્રજાપતિ જ્ઞાતિ જે ભારતમા સુરત, નવસારી, અને વલસાડ જીલ્લામાં (વાપી થી તાપી) વસે છે તેઓના ફાયદા અથવા લાભ હેતુ વપરાય છે

બીજુ એક નિયુકત (ડેજીગનેટેડ) ફંડ શિક્ષણ ઉન્નતી અર્થે શ્રી સુરત પ્રજાપતિ સમાજ, મોમ્બાસા, કેન્યા તરફથી છે.

**એસપીએઆયટીએફ તરફથી અત્યાર સુધી યોજનાઓનું સંચાલન થયુ તે નિચે મુજબ:**

• બાળકો માટે ઘર/મકાન ભુજ, કચ્છ, ભારતમા. એસપીએ(યુકે)એ એક નવુ અનાર્થઆશ્રમના મકાનના બાંધકામ ખર્ચ માટે £૩૦,૦૦૦ સ્પોન્સર કર્યા હતા

• શ્રી પ્રજાપતિ સમાજ, બચાઉ, કચ્છ, ભારત, તેમની જ્ઞાતિનું મકાન હતુ તે ગુજરાત ભુકંપથી એકદમ ભાંગી પડયુ હતુ તેને નવુ મકાન બાંધવા માટે £૨૩,૦૦૦ સ્પોન્સર કર્યા હતા

• એક નવુ અનાર્થઆશ્રમ અને કામધંધાનું શિક્ષણ આપવા માટેનું મકાન જે નાગરકોલી, ટામીલનાદુ, ભારતમા છે તેના માટે £૧૫,૦૦૦ સ્પોન્સર કર્યા હતા

• રોટરી આઈ હોસપીટલ, નવસારી ને એક નવુ મોબાઈલ આઈ યુનિટ £૨૭,૦૦૦ ના ખર્ચે આપ્યુ હતુ

• એક નવુ પુસ્તકાલય (લાયબરરી) અને કમપ્યુટર સેન્ટર બનાવવામાં શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપૂર, ગુજરાત ને ખર્ચ માટે £૮,૦૦૦ આપવામા આવ્યા હતા

• નવસારી પ્રજાપતિ આશ્રમે એક નવુ કન્યા છાત્રાલય બનાવ્યુ તે માટે £૨૦,૦૦૦ આપ્યા હતા

• બીજી અન્ય રકમો £૧૦૦ થી £૫,૦૦૦ પ્રજાપતિ જ્ઞાતિની જરૂરતમંદ વ્યકતીઓ અને સંસ્થાઓને તબદીલ કરવામા આવી હતી અને ખાસ કરી શિક્ષણના ખર્ચ અર્થે.

**<u>એસપીએઆયટીએફના ફંડના પ્રતિબંધો/નિયમો</u>**

**સર્વ-સાધારણ**

એસપીએ(યુકે) પાસે મર્યાદિત ફંડ છે અને તેથી તે જાહેર જનતાના દાનને આધારે છે. ટ્રસ્ટીઓને કાયદા અનુસરી ફરજ પાર પાડવાની રહે છે કે ફંડ ખાસ ચેરીટેબલ કાર્ય અર્થે વપરાય અને ફંડનુ સંચાલન યુકેના ચેરીટી કાયદા અનુસાર કરવામાં આવે છે.

આ કારણોને લીધે ટ્રસ્ટના ફંડના વહીવત પર ઘણા અંકુશો છે. ટ્રસ્ટીઓ ફંડનુ વિતરણ દક્ષિણ ગુજરાતના પ્રજાપતિ વ્યકતી અને સસ્થાઓને કરે છે જે ટ્રસ્ટના મુખ્ય લાભો આપવાના ક્ષેત્રમા છે.

**એસપીએઆયટીએફના ફંડના વ્યકતીઓ માટે પ્રતિબંધો/નિયમો**

વ્યકતીઓ તરફથી ફંડની સહાયતા માટેની અરજીઓ આવે ત્યારે ટ્રસ્ટીઓ દરેક વ્યકતીઓના સંજોગોને ધ્યાનમા લે છે જેવાકે વ્યકતીની આવક, અને નજીકના અને એકજ ઘરખટલામા રહેતા બધા સભ્યોની આવક. ટ્રસ્ટી તે વ્યકતીને ભારત અથવા પરદેશની બીજી સંસ્થા તરફથી , અથવા સગાસબંધી તરફથી સહાયતા મળતી હોય તેને પણ લક્ષમા લે છે.

ટ્રસ્ટીઓ ફંડની અરજીઓનું અવલોકન નિચે જણાવેલ ચેરીટેબલ હેતુઓ મુજબના મથાળા હેઠળ કરે છે:

**૧. ગરીબાયમા રાહત**

ટ્રસ્ટીઓ ગરીબાયની વ્યાખ્યા મર્યાદિત રીતે જુએ છે અને તે છે કે જે વ્યકતી ફંડ માટે અરજી કરે તેની પાસે નિત્ય દરરોજનુ ગુજરાન ચલાવવાની આવક છે કે નહી. આવા યોગ્ય વિચારો કરવાથી જરૂરીયાતમંદ વ્યકતીનેજ ફંડ આપવામા આવે.

એક વ્યકતી ગરીબ ગણાય કારણકે તે ઘરમા આવતી આવકથી તેનું અને તેના કુટુંબનું નિર્વાહ કરી શકે નહી. ગરીબાયના ઘણા કારણો છે જેવાકે નોકરી ન હોવી, અભણતા, આવડત/કાર્યકુશળતાનો અભાવ, વૃધાવસ્તા, શારીરિક અશકિત અને નબળાય (ડીઝેબીલીટી)

ટ્રસ્ટીઓ ગરીબ વ્યકતીઓને પૈસા અથવા વસ્તુઓ અથવા સહુલિયતો નિચે પ્રમાણે આપી શકે:

• ખાસ જરૂરીઆતો માટે નક્કી કરેલા પૈસા મર્યાદિત સમય માટે

• એકાએક આવી પડેલ સંતાપ માટે પૈસાની ખાસ ચુકવણી

• ખોરાક અને કપડા

• કામ કરવા હથિયારો અથવા સાધનસામગ્રી

• બાળકોના શિક્ષણ માટે ફીઝની ચુકવણી

• પુકતવયની વ્યકતીઓ માટે કામધંધાની તાલીમ જેથી તેઓની કાર્યકુશળતામા સુધારો થાય

જયારે ફંડ માટેની અરજી મંજુર કરવામાં આવે ત્યારે ટ્રસ્ટીઓ:

• લાભ મેળવનારને પૈસા આપશે

• લાભ લેનારને કોઈ મારફત નહી પણ સીધા પૈસા ચુકતે કરશે

• લાભ લેનારને મદદ મળે તે માટે વ્યવસ્થા કરશે.

**૨. મંદવાડમાં રાહત**

એસપીએઆયટીએફ ફંડ ફકત પ્રજાપતિ જ્ઞાતિની વ્યકતીઓ જેઓ માંદગીથી પિડાતી હોય અથવા ગરીબ હોય તેઓને માટે જ નિયંત્રિત છે

બીમાર અને મંદવાડનો અર્થ માંદગી અને રોગથી પિડીત અને તેમાં માનસીક અસ્થિરતા અથવા વ્યસનીનો સમાવશ થાય છે

ટ્રસ્ટીઓ નિચે જણાવેલ માટે સેવા અથવા સહુલિયત અપાવે જેથી તેઓનું દુ:ખ ઓછુ થાય અથવા તેઓને સાજા થવા મદદ કરે:

• માંદગી

• મંદવાડ પછાત ક્રમિક સ્વાસ્થયસુધાર

• અશકત

મદદ આપતા પહેલા  ટ્રસ્ટીઓ ને સંતોષ થવો જોઈએ કે અરજી કરનાર અથવા જે વ્યકતી બીજા માટે અરજી કરતો હોય તેઓની:

• મદદની જરૂરીયાતની સ્પર્સથા

• નક્કી કરેલ લાભ તે જરૂરીયાત માટેજ અપાય

• તે લાભો અથવા મદદ બીજા બીન–ચેરીટી મુળો તરફથી મળતા તો નથી

ટ્રસ્ટીઓ માંદગીવાળી વ્યકતીઓને પૈસા ચુકવી, અથવા માંદગીમા જરૂરીયાતી વસ્તુઓ પહોચાડી અથવા સુવિધાની વ્યવસ્થા નિચે પ્રમાણે કરશે:

• ખાસ પૈસા માંદગી અને આશકત સ્થિતી પ્રત્યે

• દવાઓની ફીઝ

• સારવારની મદદ

• દવાઓ, વૈદકીય સાધનસામગ્રી જેવીકે વીલચેર

• હોસ્પીટલમાં સારવાર, માંદગી બાદ સ્વાસ્થ્યસુધાર, હેલ્થ કલીનીક

• સગાસબંધીઓને દરદીઓની સેવા કરવા અથવા મુલાકાત માટે લાવવા

ફંડની અરજી મંજુર થઈ જાય ત્યારે ટ્રસ્ટીઓ:

• જેઓ લાભ મેળવનારને સેવાઓ આપે તેઓને સિધા પૈસા ચુકતે કરવા

• લાભ મેળવનારને સિધા પૈસા ચુકતે કરવા જેથી તેઓ સેવા આપનારને પૈસા આપી શકે

• લાભ મેળવનારને મદદ મળે તેવી વ્યવસ્થા કરવી

**૩. શિક્ષણમા પ્રગતિ**

એસપીએ(યુકે) તરફથી એક જુદુ "એજયુકેશન ફંડ" સ્થાપિત કરેલ છે જેમા પ્રજાપતિ જ્ઞાતિમા ગરીબ વર્ગ હોય જેઓ તેઓના બાળકોને શિક્ષણમા આગળ વધવા નબળી નાણાક્ય સ્થિતીને લીધે કંઈ કરી શકતા નથી તેવાને મદદ કરે છે. હાલ સમયમા ફકત ટયુઅન ફીઝ જ આપે છે

શિક્ષણની પ્રગતિ સામાન્ય રીતે કોલેજ અથવા યુનિવર્સસિટી મર્યાદીત છે.

**૪. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિની પ્રગતિ**

પ્રજાપતિ જ્ઞાતિના ગરીબ વિભાગના લાભાર્થે ટ્રસ્ટીઓ એવા આયોજનોને ટેકો આપશે કે જે નિચે જણાવેલ વિષયોનું પ્રોત્સાહન કરે છે:

• આધ્યાત્મીક શિક્ષણ જેમા હિન્દુ સંસ્કૃતિ અને માન્યતા ઉપર બોધ અપાતો હોય; અને

• હિન્દુ ધર્મમાં ધાર્મિક વિધી/સંસ્કાર, વિધીવિધાનનું પાલન અને ક્રિયાક્રમ.

ટ્રસ્ટીઓ કેવી રીતે ખર્ચમા નાણાક્ય મદદ કરી શકે કે જયા:

• હિન્દુ ધર્મ ઉપર આધ્યાત્મીક શિક્ષણ અપાતું હોય

• હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ ઉપર પૂસ્તકો અને બીજા સાહિત્ય અપાતા હોય

• હિન્દુ ધાર્મિક વિધી અને સંસ્કાર (જન્મ અને મરણ સમયે), વિધીવિધાનનું પાલન ક્રિયાઓ

**એસપીએઆયટીએફ ફંડનુ સંસ્થા પ્રત્યે નિયમો**

સામાન્ય રીતે ટ્રસ્ટીઓ લાબાં સમય માટે ફંડ મંજુર નહી કરે ભલે તે પ્રોજેકટ નિયમોની અંદર હોય. આનુ કારણ છે કે એસપીએ(યુકે) પાસે વિતરણ કરવા ફકત મર્યાદિત ફંડ છે. એજ કારણે ટ્રસ્ટીઓ મોટા નાણાક્ય રોકાણના પ્રોજેકટ જેવાકે મકાન બાંધકામ અને કિમંતી સાધનસામગ્રી લેવા માટે ટેકો આપશે નહી, પરંતુ તે માટે ટેકો આપશે જો કુદરતી આફતોને લીધે ઉદભવ્યુ હોય (દાખલા તરીકે ધરતીકંપ અથવા રેલ) અને તે આફત અંગે જાહેરમા અપીલ કરી એસપીએ(યુકે) જુદુ ફંડ મેળવી શકે

ટ્રસ્ટઓ ફંડ માટેની અરજી પર વિચાર કરશે જો તે અરજી પ્રજાપતિ સંસ્થાના નાના પ્રોજેકટ માટે હોય અને તે સંસ્થાના હેતુઓ એસપીએ(યુકે)ના ચેરીટેબલ હેતુઓ જેવાજ હોય. પ્રજાપતિ સંસ્થાઓ એવા પ્રોજેકટ ટ્રસ્ટીઓના વિચાર માટે રજુ કરે જે ગરીબ અને માંદગીવાળાને લાભાર્થે હોય:

• નિશાળો માટે સાધનસામગ્રી (જેમકે પૂસ્તકાલય માટે પૂસ્તકો, સ્ટેશનરી, કમપ્યુટર)

• વૈદકીય સાધનાસામગ્રી અને બીમાર, નિર્થક, અને અપંગ વ્યકતી માટે બીજી સુવિધા

• યુવાનો અને સ્ત્રીઓ માટે તાલીમના કાર્યક્રમો

• બાળકો અને પૂકતવયની વ્યકતીઓ માટે શિક્ષણીક અને આરોગ્ય લગતી યોજના

**અરજીના ફોર્મ**

નિચે જણાવેલ ફોર્મ એસપીએ(યુકે)ની વેબસાયટ www.prajapati.org.uk પરથી મેળવી શકાય છે:

ગ્રાન્ટ માટે અરજી ફોર્મ (સંસ્થાઓ તરફથી)

ગ્રાન્ટ માટે અરજી ફોર્મ – એજયુકેશન ટ્રસ્ટ ફંડ

ઈમેલ કરી પણ યોગ્ય ફોર્મ મેળવી શકાય છે.

Secretary, SPA (UK) International Trust Fund sewa@mistry77.co.uk